# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૦૯ /૨૦૧૯**
**તા. ૧૪/૦૩/૨૦૧૯**

હું એ.કે.સિંઘ,I.P.S.,પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ (૩૩) (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તાની રૂએ ડાકોર પગપાળા દર્શનાર્થે જતા યાત્રાળુઓની સલામતિ જળવાઇ રહે તે માટે તથા માર્ગ અકસ્માતો અને જાનહાની ટાળવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

આગામી તા.૧૬/૦૩/૨૦૧૯ થી તા.૨૦/૦૩/૨૦૧૯ દરમિયાન ડાકોર ખાતે ફાગળસુદ પુનમનો મેળો ભરાનાર હોઇ વધુ પડતા યાત્રાળુઓ અમદાવાદ શહેરથી હાથીજણ સર્કલ થઇ હીરાપુર ચોકડી તરફથી ડાકોર પગપાળા દર્શનાર્થે જતા હોય છે. ડાકોર પગપાળા દર્શનાર્થે જતાં દર્શનાર્થીઓને વાહનોની અવર-જવરને કારણે અકસ્માતો અને જાનહાની થવાનો સંભવ રહે છે. જેથી સદરહું રુટ ઉપર જતા-આવતા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

**પ્રતિબંધિત માર્ગ :**

**(૧)** હાથીજણ સર્કલથી હિરાપુર ચોકડી થઇ ડાકોર તરફ જતા રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે તા.૧૬/૦૩/૨૦૧૯ થી તા.૨૦/૦૩/૨૦૧૯ સુધી પ્રતિબંધિત રહેશે.

**(૨)** જશોદાનગર ચાર રસ્તાથી હાથીજણ સર્કલ સુધીનો માર્ગ તા.૧૬/૦૩/૨૦૧૯ થી તા.૨૦/૦૩/૨૦૧૯ સુધી તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.

**વૈકલ્પિક માર્ગ :** અમદાવાદ હાથીજણ સર્કલથી તમામ વાહનવ્યવહાર રીંગરોડ બન્ને તરફ ડાયવર્ટ થઇ એક્સપ્રેસ હાઇવે તથા અસલાલી રીંગરોડ તરફ આવ-જા કરી શકશે અને જશોદાનગર થી તમામ વાહન વ્યવહાર એક્સપ્રેસ વે તરફ તથા નારોલ સર્કલ તરફ આવ-જા કરી શકશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન તેમજ પદયાત્રીઓની સુખાકારી માટે જે વાહનો જાય તે વાહનોને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૬/૦૩/૨૦૧૯ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૨૦/૦૩/૨૦૧૯ ના કલાક ૨૪.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૪/૦૩/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૪/૦૩/૨૦૧૯
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા